# મારા દાજીબાપુ

**–હરનીશ જાની**

‘નેહરુ શું બોલ્યા તે વાંચ,’ મારા દાજીબાપુ બોલ્યા.

‘મેં એક વખત તો વાંચ્યું !’ મેં જવાબ આપ્યો.

‘તે હશે. ફરીથી વાંચ. ને તે તો ‘સયાજી વીજય’માં હતું. આ તો ‘સંદેશ’ છે.’

‘પરંતુ નેહરુનું લખનૌનું ભાષણ તો સરખું છે ને !’ મેં તેમને સમજાવવા પ્રયત્ન કર્યો.

‘તું સાલું, હંમેશાં દલીલો કરવાનું ! વાંચતું હોય તો વાંચને સીધું સીધું !’...

જયારે દાજીબાપુ તમને નાન્યતર જાતીમાં સંબોધે તો ચેતી જવું; કારણ કે એ એમની ધીરજનો અંત હતો. ‘સયાજી વીજય’માં ‘બે ઘાંચી–કુટુંબો વચ્ચે ઉછળેલાં ધારીયાં’ના સમાચાર હું ટુંકા કરવા પ્રયત્ન કરું, તે પણ ન ચાલે ! એટલે થોડા વખતમાં હું મારી જાતે સમાચારનું હેડીંગ બોલતાં પહેલાં એની સાઈઝ જોઈ લઉં. સમાચાર ટુંકા હોય તો હેડલાઈન વાંચું; નહીં તો પાનું બદલું.

દાજીબાપુ મારી બાના બાપુ હતા. એમને આંખે મોતીયો ઉતરતો હતો. મારી બાએ દાજીબાપુની સેવા કરવાની તક મને આપી હતી. મારું મોસાળ છોટા ઉદેપુર. દીવાળીની રજાઓમાં એમની સેવા માટે જવું પડ્યું હતું. દાજીબાપુએ આખી જીન્દગી વકીલાત કરી હતી. જીન્દગી આખી કાગળીયાં વચ્ચે ગાળી હતી. હવે વાંચવાનું બંધ ! અસીલોથી ભરાયેલી રહેતી આખી પરસાળ સાવ ખાલી થઈ ગઈ. આજે યાદ કરું છું તો લાગે છે કે જંગલના સીંહને સ્વેચ્છાએ પાંજરામાં રહેવું પડે તેવી દાજીની હાલત હતી. તેમાં આ સીંહ તો આંધળો હતો !

એક વખત હતો કે જ્યારે આખો દીવસ એટલી પ્રવૃત્તી રહેતી કે ઘરમાં કોઈની સાથે વાત પણ ન કરતા. મારી પંદર વરસની ઉંમર સુધી ભાગ્યે જ – મને વઢવા સીવાય – મારી સાથે કાંઈ બોલ્યા હોય. હવે સાઠ વરસે ડાયાબીટીઝ, બ્લડ પ્રેશર, મોતીયાથી પીડાતા દાજીબાપુ ઢીલા થયા હતા અને તેથી હવે આ નીઃસહાયતા ગુસ્સામાં પરીણમી હતી. અમારા બન્નેનો દીવસ બપોરે બાર વાગે પહેલી ટ્રેનમાં આવતા છાપાંઓથી શરુ થતો. એક છાપું ઘરનું અને ચાર છાપાં આડોશીપાડોશીનાં, દાજીના હુકમથી મારે ઉઘરાવવાનાં. હજુ દાજીનો પ્રભાવ એટલો જ. બાજુવાળા કંચનકાકા પોતાનું વંચાતું છાપું પણ મને આપી દેતા.

છાપું નંબર એક. ‘તંત્રીલેખ વાંચ’નો હુકમ છુટતો. હું ખુબ જ ઉત્સાહથી ચાલુ કરતો. સો મીટરની સ્પ્રીંટ દોડના રનરની જેમ ભાગતો. મને એમ કે જલદી વાંચી જલદી છુટીએ. પરંતુ તે જ મારી ભુલ હતી. દાજીને લાંબી મેરેથોન દોડના રનરની જરુર હતી. તંત્રીલેખ વાંચ્યા પછી; ‘સયાજી વીજય’ના પહેલાં પાન પર શું શું છે તેનું વર્ણન કરવાનું. હું પહેલા પાનાના બધા સમાચાર વાંચી જાઉં પછી હુકમ છુટતો :

'પહેલા પાન ઉપર કોની કોની જાહેર ખબરો છે?'

'દાજી, વાંદરા છાપ દંતમંજનની છે.'

'બીજી કોની છે?'

'લોમાવાળાની છે.'

'શું લખે છે એ ?'

'એ શું લખવાનો છે ? કહે છે કે માથાના ધોળા વાળ કાળા કરવા હોય તો લોમા વાપરો.'

'સાલા ચોર લોકો, એમ તે કાંઈ વાળ કાળા થતા હશે !'

'બીજું કાંઈ ?'

'ઓવલટાઈનની જાહેર ખબર છે.'

'સારું થયું, યાદ આવ્યું. રમણને કહે જે કે આજે ઓવલટાઈન મંગાવે.'

ઘરમાં બે રમણ. રમણ નોકર અને રમણ પુત્રવધુ. આ વાત તેમણે રમણમામી ને સંબોધી ને કહી હતી. ભુતકાળમાં : 'જા રમણને બોલાવ.' ત્યારે મેં હંમેશાં ગરબડ કરી હતી. અને પછી મને કહેવામાં આવતું : 'છે ઉંટ જેવો ને બુદ્ધી છે બળદની !' દાજીબાપુના વીસેક પૌત્ર–પૌત્રીઓ હતાં. દાજી છોકરીઓને કદી વઢતા નહીં. મારા મોટામામાની ઈંદુની બધી વાત દાજી માનતા. તે એમને ગમતી; પરંતુ તેમ છતાં કોઈ કહી ના શકે કે ઈંદુ દાજીબાપુની વહાલી દીકરી છે. મેં કદી એમને નાના બાળક જોડે રમતા જોયા નથી. મારા તો વખાણ કરતાં પણ વઢે ! 'સાલુ ડોબું છે. ફર્સ્ટ ક્લાસ આવ્યો એટલે બુદ્ધી થોડી આવી જવાની છે ?' તે જમાનો જ એવો હશે કે જ્યારે બાળઉછેર સ્ત્રીઓની જવાબદારી ગણાતી હશે. કુટુંબો સ્ત્રીઓને કારણે ટક્યાં. દાજીબાપુને મેં રસોડામાં કદી જોયા નથી. એમની થાળી આગલા રુમમાં મુકાતી. ઓફીસમાં એમનું પાણીનું માટલું પણ જુદું મુકાતું. એમના સીવાય કોઈથી અડકાય નહીં. એક વખતે તેમાંથી પાણી પીવાની ધૃષ્ટતા મેં કરી હતી. પાણી પીવા કરતાં પકડાઈ જવાની મુર્ખાઈ વધુ હતી. તે પછી દાજીએ એમના માટલાથી પાંચ ફુટ દુર રહેવાનો ફતવો મારે માટે બહાર પાડ્યો હતો.

દાજી કર્મકાંડી હતા. સવારના ભગવાનની પુજા કરવામાં બે કલાક ગાળતા હતા. દાજીબાપુ અને ચંદનબાએ બદરીકેદાર અને રામેશ્વરની જાત્રા પણ કરી હતી. ઉંચું કદ, ગોરો વાન, પ્રભાવશાળી વ્યકિતત્વ. બોલે ધીમે ધીમે; પણ વજનદાર બોલે. લાંબો કોટ અને માથે રાતી પાઘડી પહેરે ત્યારે થાય કે મુનશીના મુંજાલ મહેતા આવા જ હશે. વકીલ તરીકે એમની એટલી પ્રતીષ્ઠા હતી કે એમના મૃત્યુ ટાણે બધી કોર્ટ બે દીવસ બંધ રહી હતી. છોટા ઉદેપુરના પુરોહીત બાહ્મણના સમાજમાં આગળ પડતા હતા. પોતાનાં શાસ્ત્રોનાં અને કાયદાનાં જ્ઞાન ઉપર એ હંમેશાં મગરુર રહેતા. કોઈને તુંકારો કરવાનું તેમને માટે અઘરું નહોતું. 'સાલુ નેહરુ, હીન્દી–ચીની ભાઈ–ભાઈ કરતું હતું. લે, લેતું જા. એ કુતરાં–બીલાડાં ખાવાવાળી પ્રજા, આપણા ભાઈ કદી બને ખરાં ?'; 'આ સાલુ રાજકપુર, પેંટની મોરી વાળવાની ફેશન લઈ આવ્યું છે. પોતે આવારા છે અને હવે લોકોના છોકરાંઓને આવારા બનાવવા બેઠું છે'; 'આ મંગુડીયું,

કાળી ટોપી પહેરીને આર. એસ. એસ.ની શાખામાં જાય છે. જાણે એને નેહરુ સરકારની ગાદી ન મળવાની હોય !' 'મંગુડીયા'નું ખરું નામ પ્રદ્યુમ્ન. અને એ એમના પૌત્ર હતા. દાજીબાપુના દીકરા–દીકરીઓ એમને ગભરાઈને માન આપતા, જ્યારે પ્રદ્યુમ્નભાઈએ, ભાસ્કરે અને મેં તેમની સામે દલીલો કરવામાં જરાયે ઢીલું મુક્યું નથી.

મેં એક વખતે જાજરુમાં 'શ્રી રામ' લખ્યું અને તેમણે વાંચ્યું. તે ગુસ્સે થયા. ખરેખર તો મેં લખ્યું કે કો'ક બીજાએ, તેની કોઈને ખાતરી નહોતી. છતાં દાજી કહે તે કદી ખોટું હોય ! તેમણે મારી ઉધડી લઈ નાખી હતી. મેં જ્યારે દલીલ કરી કે રામનામમાં એટલી તાકાત છે કે કોઈ પણ અપવીત્ર વસ્તુને તે પવીત્ર કરી નાખે ! ત્યારથી મને 'આસુરી સંપત્તી'નું લેબલ લગાવી દીધું હતું. અને મારી બા આગળ પોતાના કુટુંબમાં મારા જન્મ વીશે શોક પ્રદર્શીત કર્યો હતો.

તે, ૧૯૬૦ના દીવાળી વેકેશનમાં મારે છાપાં વાંચવાનાં હતાં. બહાર સમજોડીયા મીત્રો પાનાં રમતાં, ક્રીકેટ રમતા અને થોડી થોડી વારે મને ઈશારા કરતા કે દાજીને રહેવા દે. અહીં આવી જા. દાજી આગળ જ્યાં છાપાં વાંચતો ત્યાં ભાસ્કર દોડતો દોડતો આવી જાય અને મારો હાથ ખેંચીને ઉઠાડવા પ્રયત્ન કરે, જે દાજીબાપુને ન દેખાતું. ત્રણ ચાર કલાકના પેપરવાચન પછી વારો આવતો લાયબ્રેરીમાંથી મંગાવેલાં પુસ્તકોનું વાચન. તેમાં મારી વાંચેલી નૉવેલ મારે મોટેથી વાંચવી પડતી, ત્યારે મરવા જેવું લાગતું હતું. એક દીવસે મુનશીની બે નૉવેલ વંચાવી હતી. મને બહુ ચોખ્ખું યાદ છે કે મેં ચન્દ્રકાંત બક્ષીની 'રોમા' અને 'પડઘા ડુબી ગયા' વાંચવાની ના પાડી હતી; કારણ કે હું માનતો કે બક્ષીએ વાપરેલી સેક્સની ભાષા દાજીબાપુ માટે થોડી સ્ટ્રોંગ ગણાય. દાજી સમક્ષ તે વાંચવામાં મને શરમ આવતી. વાચન પછી વારો આવતો સંગીતનો. દાજીબાપુએ એચ.એમ.વી.નું મોટા ભુંગળાવાળું તાવડી વાજું વસાવ્યું હતું. તે વાજા સામે બેઠેલા કુતરાના લેબલવાળી અસંખ્ય રેકર્ડો હતી. દાજીબાપુના ફેવરીટ હતા પંકજ મલિક અને કાનન દેવી. 'પંછી બાવરા ! ચાંદ સે પ્રીત લગાયે', 'તુફાન મેલ ! દુનિયા ઓ દુનિયા, તુફાન મેલ' 'તેરે મંદીર કા હું દીપક જલ ઉઠા'. એ ગાયકો કેટલા મોટા હતા તે આજે સમજાય છે. મુકેશ, મહોમ્મદ રફી અને લતા મારા આરાધ્ય દેવ ત્યારે હતાં. સાયગલ અને જગમોહન એક ટીનેજર માટે માથાનો દુખાવો હતા. તેમાં આવે નાટકો – 'લક્ષ્મીકાંત નાટક સમાજ'ના સુરદાસના ખેલમાં માસ્ટર વીઠ્ઠલે ગાયેલું ગાયન – 'આંખ વીના અંધારું રે મારે...સદાને માટે આંખ વીના અંધારું રે' – તે સાંભળી દાજી આનંદની ચીચીયારી પાડતા અને હું ભગવાનને યાદ કરતો. તેમાં કો'ક દીવસ તેમને સત્યનારાયણની કથાનો મુડ જામતો ત્યારે મારો કાટ નીકળી જતો. મારે તાવડી વાજાને ચાવી આપવાની અને રેકર્ડ બદલવાની.

સત્યનારાયણ ભગવાનની કથામાં આનંદ એક વાતનો હતો કે ચંદનબા શીરાનો પ્રસાદ બનાવતા. આ બધાંમાંથી સાંજે છેક સાત–આઠ વાગે છુટાતું. ત્યારે મારા મીત્રો રમીને થાકીને પોતપોતાને

ઘરે જતા રહેતા. મારા મામાનો દીકરો જે હંમેશાં દાજી સાથે રહેતો, તે ઘરમાં આવી ને બધી વાતો કરતો..

આજે હું ૬૫ વરસે અમેરીકામાં છું. દાજીબાપુ, નેહરુનું ભાષણ ચાર જુદાં છાપાંમાં કેમ વંચાવતા હતા? શું તેમને પહેલી વારના વાચનથી સમજ નહોતી પડતી ? ૧૯૩૦માં પ્રસીદ્ધ થયેલી મુનશીની નૉવેલ ૧૯૬૦માં મારી પાસે ફરી ફરીને કેમ વંચાવતા હતા ? શું તેમને એકની એક વાત સાંભળવામાં મઝા આવતી હતી ? પંકજ મલીક અને કાનનદેવીમાં એવું તે શું હતું કે દાજીને રોજ સાંભળવું ગમતું ?

આજે ૬૫ વરસે અમેરીકામાં મારા ફેમીલી રુમમાં બેસીને વીચારું છું તો લાગે છે કે ઘડપણમાં એકલતા માણસને સતાવે છે. માણસને માણસની ભુખ હોય છે. દાજીબાપુને નેહરુ, મુનશી, પંકજ મલીકની ભુખ નહોતી. દાજીબાપુને જીવતાજાગતા હરનીશની જરુર હતી.

આજે અમેરીકામાં મારા ફેમીલી રુમમાં બેસી વીચારું છું કે, કાશ ! મારી પાસે પણ મારો કોઈક હરનીશ હોત !

–હરનીશ જાની

લેખકસમ્પર્ક :

Harnish Jani, 4, Pleasant Drive, Yardville, NJ 08620-USA

ઈ.મેલ : harnishjani5@gmail.com ફોન : 1-609-585-0861

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: દસમું – અંક: 321 – May 03, 2015

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

હવે ‘સ.મ.’ સાપ્તાહીક નથી રહી શકી.. તે પાક્ષીક બની છે.

2005થી સતત ચાલતી રહેલી આ બહુરંગી ‘વાચનયાત્રા’ હજીયે અવીરત ચાલુ જ છે. દસ વરસથી ચાલતી આ ‘સ.મ.’ની ‘સુ–વાચનયાત્રા’માં આજે આ 321મી રચના મોકલાઈ રહી છે.. એની સઘળી રચનાઓની અગીયાર ‘ઈ.બુક્સ’ થઈ છે અને તે સઘળી મફ્ત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, સાથેસાથે http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી 'સ.મ.' તો 'કાવ્ય–ગઝલો'ની મુકાઈ ! જેમાં ગઝલો, સૉનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈબુક્સ 'ગઝલ–કાવ્યસૃષ્ટી'ના નામે બનાવી, તે બન્ને ઈબુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક

http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf

લીંક પર અને બીજી બુક

http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf

લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો.. ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ.

..ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@ @ @ @ @

More than 3,13,40,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 45,18,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,53,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,56,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@ @ @ @ @ @ @ @ @